પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૬૫ • કુલ પાના : ૪ • તારીખ : ૦૮-૧૧-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ


EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### SCનો ઐતિહાસિક ચુકાદો

## EWS અનામત પર સુપ્રીમ કોર્ટની મહોર, ૫ જજની બેન્ચે ૩:૨ થી આપ્યો ચુકાદો



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ સામાન્ય વર્ગના આર્થિક રીતે નબળા લોકોને ૧૦ ટકા અનામતની જોગવાઈ (EWS અનામત)ને પડકારનારી અરજી પર પોતાનો ચુકાદો આપ્યો. ૫ જજોની બેંચમાંથી ૩ જજ આ અનામતના સમર્થનમાં એક મત હતા. જ્યારે CJI એ પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે SC/ST/OBC સમુદાયને આર્થિક આધાર પર અનામતમાંથી બહાર રાખવા એ ભેદભાવપૂર્ણ છે. આમ તેમણે આ મામલે જસ્ટિસ ભટ્ટનું સમર્થન કર્યું. આથી આ ચુકાદો ૩:૨ થી આવ્યો કહી શકાશે. શું માની શકો કે ૫ જજની બેન્ચે ૩:૨ થી આપ્યો ચુકાદો?... આ કેસમાં ચીફ જસ્ટિસ યુયુ લલિત, જસ્ટિસ દિનેશ માહેશ્વરી, જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ, જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને જસ્ટિસ જે બી પારડીવાલાની બેન્ચે ચુકાદો આપ્યો. જસ્ટિસ માહેશ્વરી, જસ્ટિસ બેલા ત્રિવેદી અને જસ્ટિસ પારડીવાલાએ અનામતનું સમર્થન કર્યું છે. જ્યારે ચીફ જસ્ટિસ યુયુ લલિત અને જસ્ટિસ રવિન્દ્ર ભટ તેના વિરુદ્ધમાં છે. વાત જાણે એમ છે કે વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકારે સામાન્ય વર્ગના લોકોને આર્થિક આધાર પર ૧૦ ટકા અનામત આપવા માટે બંધારણમાં ૧૦૩મું સંશોધન કર્યું હતું. પરંતુ તેના વિરોધમાં સુપ્રીમ કોર્ટમાં ૪૦થી વધુ અરજીઓ દાખલ થઈ હતી. આ જજે શું કહ્યું તે જાણો... જસ્ટિસ દિનેશ મહેશ્વરીએ પોતાનો અભિપ્રાય આપતા કહ્યું કે સવાલ મોટો હતો કે શું EWS અનામત બંધારણની મૂળ ભાવના વિરુદ્ધ છે? શું તેનાથી SC /ST/ OBC ને બહાર રાખવા એ મૂળ ભાવના વિરુદ્ધ છે? તેમણે કહ્યું કે EWS કોટા બંધારણનો ભંગ કરતું નથી. EWS અનામત યોગ્ય છે. તે બંધારણની કોઈ જોગવાઈનો ભંગ કરતું નથી. તે ભારતના બંધારણના પાયાના માળખાનો ભંગ કરતું નથી. જસ્ટિસ બેલા ત્રિવેદીએ કહ્યું કે મે જસ્ટિસ દિનેશ મહેશ્વરીના અભિપ્રાય પર સહમતિ જતાવી છે. એટલે કે તેઓ પણ EWS અનામતને મૂળ અધિકારનું હનન ગણતા નથી. બેલા ત્રિવેદીએ કહ્યું કે EWS કેટેગરી વ્યાજબી કેટેગરી છે. આર્થિક રીતે વંચિત તબક્કાને આગળ લઈ જવો એ સરકારની જવાબદારી છે. જસ્ટિસ બેલા ત્રિવેદીએ કહ્યું કે ૧૦૩માં બંધારણ સંશોધનની બંધારણીય માન્યતાને યથાવત રાખુ છું. તેમાં SC/ST/OBC કેટેગરીને બહાર રાખવી એ ભેદભાવપૂર્ણ કહી શકાય નહીં. જસ્ટિસ પારડીવાલાએ કહ્યું કે ૭૫ વર્ષ બાદ આ સમીક્ષાની જરૂર છે કે અનામતથી શું ફાયદો થયો. જ્યારે જસ્ટિસ રવિન્દ્ર ભટનો મત અલગ છે. તેમણે કહ્યું કે SC/ST/OBCને EWS અનામતના દાયરામાંથી બહાર રાખવું ભેદભાવપૂર્ણ છે. CJI એ પણ પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે SC/ST/OBC સમુદાયને આર્થિક આધાર પર અનામતમાંથી બહાર રાખવા એ ભેદભાવપૂર્ણ છે. આમ તેમણે આ મામલે જસ્ટિસ ભટ્ટનું સમર્થન કર્યું. આમ આ રીતે ચુકાદો ૩:૨ ના બહુમતથી આવ્યો ગણાશે. શું છે આ EWS કોટા? તે જાણો?... કેન્દ્ર સરકાર જાન્યુઆરી ૨૦૧૯માં બંધારણમાં ૧૦૩મું સંશોધન લઈને આવી હતી. જેમાં આર્થિક રીતે પછાત સામાન્ય વર્ગના લોકોને નોકરીઓ અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી છે. કાયદા હેઠળ અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધુ હોવી જોઈએ નહીં. દેશમાં હાલ જોઈ તો એસસી, એસટી અને ઓબીસી વર્ગને જે અનામત મળે છે તે ૫૦ ટકાની મર્યાદાની અંદર જ મળે છે. પરંતુ સામાન્ય વર્ગનું ૧૦ ટકા અનામતનો કોટા આ ૫૦ ટકાની મર્યાદાની બહાર છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં ૪૦થી વધુ અરજીઓ દાખલ થઈ હતી. કોર્ટે ૨૭ સપ્ટેમ્બરે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

## ભાવનગરમાં યોજાયેલા સમૂહ લગ્નમાં પીએમ મોદીએ આપી હાજરી, નવદંપતીઓને આપ્યા આશીર્વાદ



ભાવનગર,

ભાવનગરના આંગણે યોજાયેલા ૫૫૧ દીકરીઓના સમૂહ લગ્નોત્સવમાં વડાપ્રધાન મોદીએ હાજરી આપી હતી. લખાણી પરિવાર દ્વારા યોજાયેલા સમૂહ લગ્નમાં ૫૫૧ નવદંપતીઓને પીએમ મોદીએ આશીર્વાદ આપ્યા હતા. લખાણી પરિવારને આ કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા હતા અને સમાજના અન્ય લોકોને આ કાર્યમાંથી પ્રેરણા લેવા માટે અપીલ પણ કરી હતી. ભાવનગરના જવાહર મેદાનમાં ૫૫૧ દીકરીઓના સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ એવી દીકરીઓ છે જે માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચૂકી છે. આ સમૂહ લગ્નનું નામ 'પાપાની પરી' આપવામાં આવ્યું છે. મારૂતિ ઈમ્પેક્ષ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલી સર્વજ્ઞાતિની ૫૫૨ દીકરીઓનો સમુહ લગ્નોત્સવનું આયોજન પિતાતુલ્ય ભાવ સાથે દિનેશભાઈ લખાણી અને સુરેશભાઈ લખાણી દ્વારા ધામધૂમથી કરવામાં આવ્યું છે. એ માટે છેલ્લા છ મહિનાથી આયોજન કરવામાં આવી રહ્યું છે એટલું જ નહીં દીકરીઓને અંદાજે રૂપિયા બે લાખ ઉપરાંતનો કરીયાવર જેમાં પલંગ, કબાટ, ઘરવખરી સહિત ૧૦૩ વસ્તુઓ આપવામાં આવશે. જોકે, બે દિવસ પહેલા તમામ ૫૫૨ દીકરીઓના પરિવારજનો અને વરપક્ષના પરિવારજનોને સુપ્રત કરવામાં આવી હતી.

### નોબેલ વિજેતા અર્થશાસ્ત્રીએ 'ફ્રી કી રેવાડી' પર કહી આ વાત..

## નોબેલ વિજેતા અર્થશાસ્ત્રીએ ફ્રી કી રેવાડી' પર કહ્યું, "તેનાથી ગરીબોને મદદ નહીં થાય"



નવીદિલ્હી,


નોબેલ પુરસ્કાર વિજેતા અભિજીત બેનર્જીએ ચૂંટણી પહેલા મફત સુવિધાઓ આપવાના રાજકારણીઓના નિવેદનો પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે ચૂંટણી પહેલા મફત સુવિધાઓ આપવી એ ગરીબોને મદદ કરવાનો શ્રેષ્ઠ માર્ગ નથી અને તેને અનુશાસન કરવાની જરૂર છે. શનિવારે અર્થશાસ્ત્રી અને લેખિકા શ્રેયા ભટ્ટાચાર્ય દ્વારા સંચાલિત 'ગુડ ઈકોનોમિક્સ, બેડ ઈકોનોમિક્સ'પરની ચર્ચામાં ભાગ લેતા, બેનર્જીએ વિકાસલક્ષી અર્થશાસ્ત્ર, અર્થતંત્રના વ્યવહારુ મોડલ, જીવન સંકટ, સામાજિક સુરક્ષા, વિતરણની અસર જેવા ઘણા સંબંધિત મુદ્દાઓ પર વાત કરી. સમાચાર એજન્સી PTI અનુસાર, બેનર્જીએ ચૂંટણી દરમિયાન મફત સામગ્રીના વિતરણ પર ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે તેને અનુશાસનની જરૂર છે. આ સાથે તેમણે કહ્યું કે અને હવે તેમાંથી બહાર નીકળવું ખૂબ મુશ્કેલ થઈ ગયું છે. પરંપરાગત અને અસમાન રીત લોનને રાઈટ ઓફ કરવાની હતી, પરંતુ સૌથી મોટા દેવાદાર સૌથી ગરીબ નથી હોતા. બેનર્જીએ કહ્યું કે અમીરો પર ટેક્સ લગાવવો એ સારો રસ્તો છે. પરંતુ ચૂંટણી પહેલા સસ્તા ભાવે સામગ્રીનું વિતરણ કરવું કે ગરીબોને મફતમાં સુવિધા આપવી એ સારી રીત નથી. આપણી પાસે ઘણી અસમાનતા છે અને ધનિકો પર ટેક્સ લગાવવા માટે મજબૂત દલીલ છે. અને ટેક્સના નાણાં કેન્દ્ર સરકાર પાસે જઈ શકે છે અને વધુ નીચે વહેંચી શકાય છે. તેમણે વધુમાં કહ્યું કે સમર્પિત ભંડોળ એ આ સમાનતા અને પુનઃવિતરણને ઘટાડવાની રીત છે, જો આપણી પાસે રાજકીય ઈચ્છાશક્તિ હોય. ભારતમાં સમાનતાના વિસ્ફોટ વિશે બોલતા, બેનર્જીએ કહ્યું કે વાસ્તવિક વેતન ઘટી રહ્યું છે, નાની કારની માંગ ઘટી રહી છે અને 'લક્ઝરી કાર'નું વેચાણ વધી રહ્યું છે. વધુમાં, યુક્રેન-રશિયા કટોકટીના પગલે ઊર્જાના ભાવમાં વિસ્ફોટ થઈ રહ્યો છે. વૈશ્વિક પ્રાથમિક ચીજવસ્તુઓનો ફુગાવો ગરીબોને અસર કરશે. આપણે આ સમયે ઊંડી અસમાનતા તરફ આગળ વધી રહ્યા છીએ.

## કાશ્મીરમાં ભારે હિમવર્ષાને કારણે રાજ્યમાં ઠંડી પડી શકે છે!, અટકાવી વાહનોની અવરજવર

કાશ્મીર,

ઠંડીની શરૂઆતની સાથે જ ઘાટીમાં ભારે હિમવર્ષા શરૂ થઈ ગઈ છે. હિમવર્ષાના કારણે પર્યટકો માટે વાતાવરણ ખૂબ જ આહલાદક બની ગયું છે, તો બીજી તરફ બરફની ચાદરના કારણે રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે. કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડનાર એક વૈકલ્પિક લિંક મુગલ રોડ ભારે હિમવર્ષાને કારણે વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો, કારણ કે મોટા ભાગના ઊંચાઈવાળા વિસ્તારોમાં રાત્રિ દરમિયાન હળવીથી મધ્યમ હિમવર્ષા થઈ હતી. જો કે, શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે પર વાહનવ્યવહાર સામાન્ય રીતે ચાલી રહ્યો છે, જ્યારે જમ્મુ અને કાશ્મીરના મોટા ભાગોમાં વરસાદને કારણે અસર થઈ છે. અધિકારીઓએ જણાવ્યું કે, પોશાન અને પીરની ગલીની વચ્ચે જમીન પર પાંચ ઈંચથી વધારે બરફ જમા થઈ ગયો છે, જે જમ્મુ પ્રાંતના પુંછ અને રાજૌરી જિલ્લાના દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લા સાથે જોડે છે. હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ જમ્મુ અને કાશ્મીરમાં ૧૦ નવેમ્બર સુધી વરસાદ અને હિમવર્ષા સાથે પ્રતિકૂળ હવામાનની આગાહી કરી છે. તમને જણાવી દઈએ કે ૧૧,૪૩૩ ફૂટ ઉંચી પીર કી ગલીમાં ભારે હિમવર્ષાને કારણે મોગલ રોડ સામાન્ય રીતે શિયાળાના મહિનાઓ માટે બંધ રહે છે. ટ્રાફિક વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, ૨૭૦ કિમી લાંબો જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે ખુલ્લો છે અને બંને બાજુથી વાહનોની અવરજવરમાં કોઈ વિક્ષેપના અહેવાલ નથી. તેમણે કહ્યું કે જમ્મુ શહેરમાં પણ શનિવાર અને રવિવારની મધ્યરાત્રિ દરમિયાન ભારે પવન સાથે ભારે વરસાદ પડ્યો હતો, પરંતુ કોઈ નુકસાન થયું નથી.

## રાજસ્થાનમાં ધારાસભ્યએ પાર્ટીના પદાધિકારીઓ-કાર્યકર્તાઓ સાથે ટાંકી પર ચડી વિરોધ



રાજસ્થાન,

રાજસ્થાનના બૂંદીમાં ભાજપના મહિલા ધારાસભ્યએ પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સાથે ટાંકી પર ચડીનો વિરોધ કર્યો હતો. ભાજપ ધારાસભ્ય ચંદ્રકાંતા મેઘવાળ આ વિસ્તારમાં થઈ રહેલી સતત ચોરી અને લૂંટફાટની ઘટનાઓ અને કાયદો અને વ્યવસ્થાના મુદ્દા પર પોલીસ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરી રહી હતી. આ મામલો બૂંદી જિલ્લાના કાપરેનનો છે. ભાજપ ધારાસભ્ય ચંદ્રકાંતા મેઘવાળ, ભાજપ જિલ્લા અધ્યક્ષ છિતર લાલ રાણા સહિત ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ ટાંકી પર ચડીને પોલીસ પ્રશાસન વિરુદ્ધ ૧૦ કલાક સુધી વિરોધ પ્રદર્શન કરતા રહ્યા હતા. ભાજપ નેતાઓએ આરોપ લગાવ્યો છે કે, લગભગ રોજ ચોરી અને લૂંટની ઘટનાઓ આવે છે, પણ પોલીસ તેને રોકી શકતી નથી. ભાજપ ધારાસભ્ય ચંદ્રકાંતા મેઘવાળે જણાવ્યું છે કે, છેલ્લા ૧૫ દિવસમાં કાપરેનમાં ચોરી અને લૂંટની ૧૫ ઘટનાઓ આવી છે. તેમાં ૨૫-૩૦ લાખ રૂપિયાની લૂંટ થઈ છે. પણ પોલીસ આ ઘટનામાં એક પણ આરોપીને પકડવામાં સફળ રહી નથી. આ મામલામાં ભાજપ ધારાસભ્યએ જિલ્લા પ્રશાસને કાર્યવાહી કરવા માટે સાત દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું. પણ પોલીસે કંઈ કર્યું નહીં. તો ભાજપે અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય કર્યો. વિરોધ પ્રદર્શન જોતા અધિક જિલ્લા કલેકટર અને અધિક પોલીસ અધિકારી ઘટનાસ્થળે પહોંચ્યા અને ધારાસભ્ય મેઘવાળ સાથે વાત કરી. આ દરમિયાન તેમણે બે પોલીસ કર્મીને લાઈન હાજર કર્યા હતા. વાતચીત કરી કાર્યવાહીનું આશ્વાસન આપતા મેઘવાલે પોતાનું વિરોધ પ્રદર્શન સમાપ્ત કર્યું હતું.

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
શ્રદ્ધા હોસ્પિટલ
ડો.બી.કે.પટેલ (MB,DGO)
પ્રસુતિ ગૃહ સર્જીકલ નર્સિંગ હોમ
સોનોગ્રાફી, લેપ્રોસ્કોપી સેન્ટર
ફોન : ૦૨૬૭૫-૨૨૧૮૬૬
કોલેજ રોડ, સંતરામપુર, જી.મહીસાગર

Happy New Year
Z.B. Patel Hospital
X-ray
Dr. M.R. Bhatia
M.B.B.S
Reg.No.G-1981
Santrod, Tal. Morva

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
ડો.વિપુલ અ. બારીઆ
(BHMS)
સમય : સવારે ૧૦:૦૦ થી
સાંજના ૫:૦૦ કલાક
મો. : ૮૩૨૦૫ ૨૭૬૬૫
દવાખાનું : મુ.પો.ડાંગરીયા, તા.મોરવા(હ), જી.પંચમહાલ
રહે. : ૭૦૧, ગીતા પાર્ક સોસાયટી, વરીયા છાત્રાલયની પાછળ, આઈ.ટી.આઈ.ની બાજુમાં, ગોધરા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
શુભમ્ ફિઝીયોથેરાપી ક્લિનીક
ડો.જગ્દીશ ડામોર
M.P.T (Ortho), M.I.A.P (L-36079)
મો.૯૫૭૪૪ ૩૫૪૬૨
---: ઉપલબ્ધ સુવિધાઓ :---
- કમર મણકા અને ગાદીના રોગોનું ચોકકસ નિદાન અને સારવાર.
- સંધીવા (સાંધાનો વા.) ઘુટણ અને મણકાનો ઘસારો ફેકચર પછીની ખોડખાંપણની સચોટ સારવાર.
- લકવા (પેરાલીસીસ)ના દર્દી અતિઆધુનિક મશીનો અને કસરતો દ્વારા સારવાર.
- X-Ray ની સુવિધા ઉપલબ્ધ (હાડકાના રોગો અને ફેકચરના નિદાન માટે).
- ઓકયુપેશનલ તકલીફો જેમકે... (Tennis Golfers elbow, Muscle Sprain Strain, Trepezitis, Joint dislocation, All Musculoskeleton Injury etc.... નું ચોક્કસ નિદાન અને સારવાર.
- જોઈન્ટ રિપ્લેશમેન્ટ (TKR, THR) અને લકવાના દર્દી માટે હોમ વિઝીટ.
- S W D, ULTRASOUND, CERVICAL & LUMBAR TRACTION, Muscle Stimulation Therapy, I.FT, Leser Therapy, C.P.M. Unit, Infrared UVR Therapy etc... are available.
કોલેજ રોડ, સંતરામપુર, જી.મહિસાગર

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
ગીતા ચિલ્ડ્રન હોસ્પિટલ
લા.ડો.ધિરજકુમાર ચૌધરી
MD (Ped)
ફોન : ૦૨૬૭૫-૨૨૧૫૪૪, મો : ૯૪૨૬૫ ૨૫૫૯૩
નવજાત શિશુ તથા બાળરોગના નિષ્ણાંત
---: ઉપલબ્ધ સુવિધાઓ :---
નવજાત શિશુ માટે સઘન સારવાર કેન્દ્ર, નવજાત શિશુ માટે ઈન્કયુ બેટરની વ્યવસ્થા (અધુરા માસે જન્મેલા બાળકો માટે), રેડિયેન્ટ વોર્મર(ઓછા વજનના નવજાત શિશુ માટે પેટીમાં રાખવાની સગવડ),ફોટો થેરાપીની વ્યવસ્થા(નવજાત શિશુ માટે કમળાની સારવાર), ન્યુબીલાઈઝર(દમ તેમજ શ્વાસની તકલીફવાળા નવજાત શિશુ અને બાળકોને તાત્કાલિક રાહત માટે), ગ્લુકોમીટર(નવજાત શિશુ અને બાળકોને સુગર માપવાની સગવડ), વેન્ટિલેટર(કૃત્રિમ શ્વાસ માટે), ઓકિસજન મોનીટર(નવજાત શિશુને ઓકસીજન માપવાની સગવડ), દરેક પ્રકારની રસી મુકવાની સગવડ(બી.સી.જી.,પોલીયો,ત્રિગુણી, ઓરી, ગાલપચોળુ, હેપેરાઈટીસ એ અને બી, (ઝેરી કમળા માટે), એચ ઈન્ફ્લુ એન્ઝા(મગજના તાવ માટે, ટાઈફોઈડ, અછબડા.
ગોધરા ભાગોળ રોડ, સંતરામપુર, જી.મહિસાગર

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
વિજય ઓર્થોપેડીક હોસ્પિટલ
ડો.વિજય ડી. કામોલ
એમ.એસ. ઓર્થો
ઓથોપેડીક સર્જન
હાડકાના રોગોના નિષ્ણાંત
મો.૭૯૯૦૦ ૧૦૨૨૯
વેલનેસ ફીઝીયોથેરાપી & રીહેબીલીટેશન
ડો.કામિની વી. કામોલ
બી.પી.ટી., એમ.પી.ટી., ઓર્થો
એમ.ટી.એફ.આઈ.
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
મો.૮૧૬૦૫ ૧૨૨૩૫
મારૂતિ શો-રૂમ (R.B. Cars)ની સામે, કોલેજ રોડ, સંતરામપુર, જી.મહીસાગર

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
અવતાર સર્જીકલ હોસ્પિટલ
પ્રસુતિગૃહ એન્ડ સોનોગ્રાફી સેન્ટર
લા. ડો.આર.કે. ત્રિવેદી
(એમ.બી.બી.એસ., ડી.જી.ઓ.) પ્રસૂતિ અને સ્ત્રીરોગના નિષ્ણાંત
સુવિધા : સ્ત્રીરોગ નિદાન તથા સારવાર, પ્રસૂતિગૃહ, સોનોગ્રાફી, ગર્ભપાતકેન્દ્ર, કુટુંબ નિયોજના ઓપરેશન, ગર્ભાશયને લગતા તમામ ઓપરેશન, કેન્સર નિદાન કેન્દ્ર, વંધયત્વ નિવારણ કેન્દ્ર.
ફોન : ૦૨૬૭૫-૨૨૦૧૫૮
કોલેજ રોડ, સંતરામપુર, જી.મહીસાગર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

### સ્વસ્થ માનવજીવન અને શુદ્ધ પર્યાવરણ માટે પ્રાકૃતિક ખેતી અને યજ્ઞ જ ઉપાય

# મહિસાગરના સંતરામપુર ખાતે ૧૦૮ કુંડી નવચેતના જાગરણ ગાયત્રી મહાયજ્ઞમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહ્યા






તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતમાં ગાયત્રી શક્તિપીઠ સંતરામપુર દ્વારા ૧૦૮ કુંડી નવચેતના જાગરણ ગાયત્રી મહાયજ્ઞ અને વિવિધ સંસ્કાર તથા વિરાટ કિસાન સંમેલન કાર્યક્રમ આઝાદ મેદાન સંતરામપુર, મહિસાગર ખાતે યોજાયો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાયત્રી મંત્ર ઉચ્ચારણ કરી જણાવ્યું હતું કે, વેદ મનુષ્યની નહીં ઈશ્વરની રચના છે, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચાર વેદ જ્ઞાનનો ભંડાર છે. ગાયત્રી મહામંત્ર આપણા વેદોનો સાર છે તથા મનુષ્ય જીવનને સાર્થક બનાવવા બુદ્ધિ સકારાત્મક હોવી જરૂરી છે.

વધુમાં રાજ્યપાલએ જણાવ્યું હતું કે, યજ્ઞથી શ્રેષ્ઠ બીજું કોઈ કાર્ય નથી, યજ્ઞ કરતી વખતે ઘી,અગ્નિ,જળ,હવન કુંડ વગેરે સામગ્રી જોઈએ આમાંથી જો કોઈ એક વસ્તુ ના હોઈ તો યજ્ઞ શક્ય નથી. યજ્ઞ દરેક વસ્તુના સંગઠીકરણથી થાય છે, તેવી જ રીતે મનુષ્ય, પરિવાર, કે સમાજને સફળ થવા કે રાષ્ટ્રને ઉન્નતિ તરફ લઈ જવા માટે એકત્રિત થવું પડશે. રાજ્યપાલએ યજ્ઞનું મહત્વ જણાવતા કહ્યું કે, પર્યાવરણ સુદ્ધિનું કામ માત્ર યજ્ઞ દ્વારા થઈ શકે.

રાજ્યપાલ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતા જણાવે છે કે, હું પણ ખેડૂત છું, હું હળ ચલાવું છું, પહેલા હું રાસાયણિક ખેતી કરતો જેમાં હું યુરિયા,ડીએપી,કિટનાશક વગેરે ઉપયોગમાં લેતો, જે ઝેરયુક્ત રાસાયણિક ખાતર નાખવાથી સાપ પણ મૃત્યું પામે એ અનાજ મારી પાસે ભણતા બાળકો ખાઈ તો શું થાય? તેવો વિચાર આવતા મેં પ્રાકૃતિક ખેતી કરવાનું શરૂ કર્યું.

દરેક લોકોએ ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી કરવી જોઈએ. દેશી ગાયનું ગોબર અને ગૌ મૂત્ર ખેતી માટે મહત્વનું છે. પ્રકૃતિ જો જંગલને બધું આપે તો તે નિયમ ખેતરને પણ લાગું પડે એટલે પ્રાકૃતિક ખેતી તરફ જ વળવું જોઈએ. ગ્લોબલ વોર્મિંગના કારણે તાપમાન વધશે અને તાપમાન વધવાથી બર્ફીલો પહાડ ઓગળવા લાગશે જેનાથી ભારતના અનેક શહેરો ડૂબશે, જો આ ન થવા દેવું હોય અને પર્યાવરણને બચાવવું હોઈ તો પ્રાકૃતિક ખેતી કરવી પડશે.

વધુમાં રાજ્યપાલએ જણાવ્યું કે, આજે અઢી લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે.ડાંગ ૧૦૦% પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બન્યો છે.પહેલાના સમયમાં ડાયાબિટીસ,કેન્સર,હાર્ટ અટેક જેવી બીમારીઓ ન હતી જે આજે રાસાયણિક ખેતીની દેન છે, આમ પર્યાવરણના રક્ષણ અને મનુષ્યના સારા સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી ખૂબ અગત્યની છે.

આ કાર્યક્રમમાં કલેક્ટર મહિસાગર, જિલ્લા વિકાસ અધિકારી મહિસાગર તથા અન્ય અધિકારીઓ, સાધુ સંતો અને બહોળી સંખ્યામાં મહિસાગર વાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માનગઢના ઈતિહાસને ઉજાગર કરતો આર્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું



મહિસાગર,

ડો. મીનલ જાની, નાયબ વન સંરક્ષક સામાજિક વનીકરણ વિભાગ, ગોધરા ના માર્ગદર્શન હેઠળ એ.સી.રાઠોડ, આર.એફ.ઓ સામાજીક વનીકરણ, સંતરામપુર દ્વારા માનગઢના ઈતિહાસને ઉજાગર કરતો આર્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં મહિસાગર જિલ્લાના ત્રણ ચિત્રકાર બિપીન પટેલ 'મુકેશ પટેલ અને અજય સોલંકી તેમજ સુરત જિલ્લા અંતરીયાળ વિસ્તારના પ્રકૃતિપ્રેમી કલાકારોમાં જય ગોહિલ 'ભરત પટેલ' જયદિપ મૈસુરિયા'બળદેવ પટેલે હાજરીમાં બે દિવસનો આર્ટ વર્કશોપ થયો હતો. આ બધા કલાકારોએ માનગઢની ગોદમાં રહી તમામ ઈતિહાસના સાહિત્ય નું મનો મંથન કરી અને ભૌગોલિક પરિસ્થિતિને નજરે નિહાળી હતી. આ ઐતિહાસિક ઝાંખીને બે દિવસના વર્કશોપ દ્વારા કેનવાસ પેઈન્ટિંગમાં ઢાળી ઉજાગર કરી હતી.

માનગઢના આ ઐતિહાસિક વારસા વિશે ચિત્રકારોએ સંદેશ આપતાં જણાવ્યું હતું કે ''આ માનગઢની પાવનભૂમિ ખરેખર હૃદય કંપાવી દેનાર ઈતિહાસ સાથે જોડાયેલી છે. અતિસુંદર અને પ્રકૃતિરમ્ય ડુંગરોની ગોદમાં આદિવાસીઓ માટે જ નહી પરંતુ ભારતીય માટે સ્વર્ગ સમાન આ સ્થળની મુલાકાત જીવનમાં એકવાર તો લેવી જ જોઈએ.

# અમદાવાદમાં પૈસાની લેવડ-દેવડમાં જુહાપુરામાં ફરી ગેંગવોર, એકની જાહેરમાં હત્યા

અમદાવાદ,

જુહાપુરામાં રાતે ફરી એક વખત ગેંગ વોરમાં એક યુવાનની હત્યા કરવામાં આવી હતી. ગેંગસ્ટર સુલતાન ખાન પઠાણના ભત્રીજા સમીર ઉર્ફે પેન્દીના મિત્રને પૈસાની લેતી દેતી બાબતે મિત્ર સાથે ઝગડો થયો હતો. જેથી તેણે પેન્દી અને તેના સાગરીતોને બોલાવી દેતા તેમણે ભેગા મળીને યુવાનને છાતીમાં છરીના ૨ ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. વેજલપુરના અમીન પાર્ક ડુપ્લેક્સમાં રહેતો વસીમુદ્દીન શેખ રાતે બહાર ગયો હતો. જ્યારે વસીમુદ્દીનના ભાઈ શાહબુદ્દીનના મિત્ર સલમાને ઘરે આવીને કહ્યું હતું કે, જુહાપુરા સંકલિતનગર આશા હેરકટિંગ પાસે સમીર ઉર્ફે પેન્દી પઠાણ એ તારા ભાઈ વસીમુદ્દીનને છરી મારી દીધી છે. વસીમુદ્દીને હોસ્પિટલ લઈ જવાતા ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. જ્યારે શાહબુદ્દીનને જાણવા મળ્યું હતું કે, સલીમખાન પઠાણ, ઝબ્બો અને ઈરફાન ઉર્ફે મોગલી એ વસીમુદ્દીનને પકડી રાખ્યો હતો. જ્યારે સમીર ઉર્ફે પેન્દી એ વસીમુદ્દીનને છાતીમાં છરીના ૨ ઘા મારી દીધા હતા. વેજલપુર પીઆઈ કે.બી.રાજવી એ જણાવ્યું કે, વસીમુદ્દીને તેના મિત્ર ઈલિયાસ મચ્છી ને રૂ.૫૦ હજાર ઉછીના આપ્યા હતા. જે પાછા લેવા બાબતે બંને વચ્ચે ઝઘડો થતાં વસીમુદ્દીને ઈલિયાસને લાફા મારી દેતાં ઈલિયાસે પેન્દી અને સાગરીતોને બોલાવ્યા હતા. પોલીસનું કહેવું છે કે વસીમુદ્દીન વિરુદ્ધ મારામારી તેમજ દારૂના ગુના નોંધાયેલા હતા. જેમાં તેની પાસા હેઠળ ધરપકડ કરાઈ હતી. જ્યારે તેના મિત્ર ઈલિયાસને પેન્દી અને તેના સાગરીતો સાથે ઉઠક બેઠક હતી. વસીમુદ્દીનની હત્યા કરનારા આરોપીઓ પૈકી શેફઅલી ઉર્ફે જબ્બો અને ઈરફાન ઉર્ફે મોગલી અગાઉ કાલુ ગરદન સાથે એક ગુનામાં પકડાયા હતા. જ્યારે વસીમુદ્દીનની હત્યામાં આ બંનેના નામ સમીર ઉર્ફે પેન્દીના સાગરીત તરીકે આવ્યા છે.

# ધનસુરાના ખીલોડિયા ગામે રસ્તોના બનતા ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

અરવલ્લી,

ચૂંટણીઓ નજીક આવે એટલે દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પોત પોતાના ગામની માંગણીઓને લઈ ગામ આગેવાનો દ્વારા કોઈને કોઈ રીતે સત્તાધીશોનું નાક દબાવવાના પ્રયાસો કરાતા હોય છે. ત્યારે ધનસુરાના ખીલોડિયા ગામે ચૂંટણી બહિષ્કારના બેનર લાગ્યાં હતા. ધનસુરા તાલુકાના ખીલોડિયા ગામે અલ્વા થી ખીલોડિયા સુધીનો ડામર રોડ વર્ષોથી બિસમાર છે. ગ્રામજનોએ અનેક વખત તંત્રમાં આ રસ્તા બાબતે રજૂઆત કરી છે. પરંતુ તંત્ર દ્વારા ગ્રામજનોની મુશ્કેલી અંગે કોઈ કાર્યવાહી કરાતી નથી. જેથી ગ્રામજનોએ આગામી ૫ ડિસેમ્બરના રોજ યોજાનારી વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે અને ગામમાં બેનર લગાવ્યા છે. કોઈપણ પાર્ટીને ગામમાં પ્રવેશ માટે પણ પ્રતિબંધ ફાર્માવવામાં આવ્યો છે. ત્યારે ચૂંટણીઓ નજીક આવતા જ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજાજનોને લાગતા પ્રશ્નોના ઉકેલની માગ કરી છે.

# ઈમરાનખાને કરી જાહેરાત, માર્ચ તે જગ્યાએથી ફરી શરૂ કરશે જ્યાં રેલી દરમિયાન ગોળી વાગી



ઈસ્લામાબાદ,

ઈમરાન ખાને જાહેરાત કરી કે તેમની પાર્ટી ઈસ્લામાબાદ માટે માર્ચ તે જગ્યાએથી ફરી શરૂ કરશે જ્યાં પંજાબ પ્રાંતમાં એક રેલી દરમિયાન તેમને ગોળી વાગી હતી. તેમણે હુમલો કરાવવાનો આરોપ પ્રધાનમંત્રી શાહબાઝ શરીફ અને બે અન્ય પર લગાવ્યો છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) ના પ્રમુખને ગોળી વાગ્યા બાદ ગુરૂવારે સર્જરી થઈ હતી. ઈમરાન ખાને શૌતક ખાનમ હોસ્પિટલથી એક પત્રકાર પરિષદને સંબોધિત કરી. તેમણે કહ્યું- અમે નક્કી કર્યું છે કે અમારી માર્ગ મંગળવારે વઝીરાબાદમાં તે જગ્યાએથી ફરી શરૂ થશે જ્યાં મને અને ૧૧ અન્યને ગોળી મારવામાં આવી હતી અને જ્યાં મોઅઝ્ઝમ શહીદ થયા હતા. ઈમરાન ખાનના જમણાં પગમાં ત્યારે ગોળી વાગી જ્યારે વઝીરાબાદ વિસ્તારમાં બે બંદૂકધારીઓએ તેમના અને અન્ય પર ગોળીઓ ચલાવી હતી. તે સમયે ખાન માર્ચનું નેતૃત્વ કરી રહ્યા હતા. ખાન પર હુમલા દરમિયાન ગોળીબારથી પીટીઆઈ કાર્યકર્તા મોઈઝ્ઝમ ગોંડલનું મોત થઈ ગયું હતું. હુમલા બાદ રેલીને સ્થગિત કરી દેવામાં આવી હતી. પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રીએ કહ્યુ, 'હું અહીંથી (લાહોરમાં) માર્ચને સંબોધિત કરીશ અને અમારી માર્ચ આગામી ૧૦થી ૧૪ દિવસની અંદર રાવલપિંડી પહોંચી જશે. પીટીઆઈ પ્રમુખે કહ્યું કે જ્યારે માર્ચ રાવલપિંડી પહોંચશે, તો તે ખુદ સામેલ થશે અને નેતૃત્વ કરશે. ઈમરાન ખાને આરોપ લગાવ્યો કે પંજાબ પોલીસે તેમના પર થયેલા હુમલાના સિલસિલામાં એક ટોપ આઈએસઆઈ જનરલ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાની ના પાડી દીધી. ઈમરાન ખાને કહ્યું- પંજાબ પોલીસે કહ્યું કે તે પ્રધાનમંત્રી શાહબાઝ શરીફ, આંતરિક મંત્રી રાણા સનાઉલ્લાહ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવા તૈયાર છે, પરંતુ ડીજી (સી) આઈએસઆઈ ફૈસલ નસીર વિરુદ્ધ નહીં. નોંધનીય છે કે ઈમરાન ખાને આરોપ લગાવ્યો છે કે પ્રધાનમંત્રી શાહબાઝ શરીફ, ગૃહ મંત્રી રાણા સનાઉલ્લા અને મેજર જનરલ ફૈસલ નસીરે તેમના જાનથી મારવાનું ષડયંત્ર રચ્યું હતું.

## આપની આજ.......

### : મેષ :

તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો. તમે જો નવી વ્યાપારી ભાગીદારી વિશે વિચારી રહ્યા હો - તો તમે કશુંક નક્કર પગલું લો એ પૂર્વે તમામ માહિતી તમારા હાથમાં હોય અ જરૂરી છે. આ રાશિ ના લોકોએ આજે ??પોતાને માટે સમય લેવા ની જરૂર છે, જો તમે આ નહીં કરો તો તમને માનસિક મુશ્કેલીઓ આવી શકે છે. આજે તમે તમારા જીવનસાથી સાથે ખરેખર કશુંક ઉત્સાહજનક કરવાના છો.

### : વૃષભ :

તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂ જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. તમારી જાતને છેતરપિંડીથી બચાવવા માટે બિઝનેસ પર ચાંપતી નજર રાખો. ચોખ્ખાઈ અને સામાજિક કાર્યો આજે તમને આકર્ષશે- તમે જો તમારો સમય કોઈ સારા કાર્ય માટે ફાળવશો તો તમે બહુ મોટું પરિવર્તન લાવી શકો છો. આજે તમે તમારા જીવનસાથી સાથે ખરેખર અદભુત સાંજ માણશો.

### : મિથુન :

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. તમારૂ પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. કોઈ મહત્વની ફાઈલ તમારા બૉસના હાથમાં ત્યાં સુધી ન આપતા જ્યાં સુધી તમને પૂરેપૂરી ખાતરી હોય કે તે બધી જ રીતે બરાબર છે. સાવચેતીભર્યાં પગલાંનો દિવસ-જ્યારે તમને મગજ કરતાં દિલની વધુ જરૂર પડશે. તમારા જીવનસાથી સાથે રોમાન્સ માટે આજનો દિવસ સારો છે.

### : કર્ક :

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે. કામના સ્થળે વખાણ થાય એવી શક્યતા છે. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવા નું ભૂલી જાઓ છો. પરંતુ આજે તમે સૌથી દૂર રહી પોતાના માટે સમય કાઢી શકશો? જેઓ કહે છે કે લગ્ન એટલે માત્ર સેક્સ, તેઓ ખોટું બોલે છે. કેમ કે આજે તમને સમજાશે કે ખરો પ્રેમ એટલે શું.

### : સિંહ :

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો. ગભરાતા નહીં કેમ કે વેડફાયેલી તક કદાચ પાછી ન પણ આવે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે-આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો. આ રાશિ ના લોકો ને આજે દારૂ અને સિગારેટ થી દૂર રહેવા ની જરૂર છે કારણ કે તે તમારો કિંમતી સમય બગાડે છે. આજે તમારા જીવનસાથી સાથે તમારી ગંભીર બોલાચાલી થઈ શકે છે.

### : કન્યા :

કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે. નવો કામ શરૂ કરવા માટે, તમારે પહેલા તેના વિશે અનુભવી લોકો સાથે વાત કરવી જોઈએ. જો આજે તમારી પાસે સમય છે, તો તે ક્ષેત્ર ના અનુભવી લોકો ને મળો જે કામ શરૂ કરવા જઈ રહ્યા છો. સ્ત્રીઓ ગુરૂ ગ્રહની છે અને પુરૂષો મંગળના. પણ આજે એવો દિવસ છે જ્યારે ગુરૂ અને મંગળ એકમેકમાં ઓગળી જશે.

### : તુલા :

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. કામના સ્થળે આજે બધા તમને ખરા દિલથી સાંભળશે. કોઈ કારણોસર, આજે તમારી ઓફિસ માં વહેલા રજા હોઈ શકે છે, તમે તેનો લાભ લેશો અને તમારા પરિવાર ના લોકો સાથે ફરવા માટે જશો. જેઓ કહે છે કે લગ્ન એટલે માત્ર સેક્સ, તેઓ ખોટું બોલે છે. કેમ કે આજે તમને સમજાશે કે ખરો પ્રેમ એટલે શું.

### : વૃશ્ચિક :

તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે પણ તમારે તમારાર રહસ્યો અન્યો સાથએ શૅર કરવાનું ટાળવું જોઈએ. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે. આજે આ રાશિ ના વિદ્યાર્થીઓ તેમના કિંમતી સમય નો દુરૂપયોગ કરી શકે છે. તમે જરૂરી કરતાં મોબાઈલ અથવા ટીવી પર વધુ સમય વિતાવી શકો છો. તમારા જીવનસાથી તમારી યોજના અથવા પ્રોજેક્ટમાં ખલેલ પાડી શકે છે, તમારી ધીરજ ખોતા નહીં.

### : ધન :

તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ. તમને તેમની પરવા છે એવી લાગણી તેમને અનુભવવા દો. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે. આજે તમને આ વાસ્તવિકતાની અનુભૂતિ થશે. આજે તમે પ્રૉજેક્ટ પૂરો કરશો ત્યારે તમને ઘણો સંતોષ મળશે- જે તમે ઘણા સમય પહેલા શરૂ કર્યો હતો. તમારે યાદ રાખવાની જરૂર છે કે ઈશ્વર એની જ મદદ કરે છે જે પોતાની મદદ કરે છે. લગ્ન બાદ, પાપ પૂજા બની જાય છે અને તમે આજે ઘણી પૂજા કરશો.

### : મકર :

વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. તમારૂ બેદરકારીભર્યુ તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. આજે રૉમાન?સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળકતું હોવાનો આભાસ તમને થશે, કેમ કે તમે પ્રેમમાં છો. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો જ્યારે તમે કોઈને કરેલી મદદને કારણે તેને વળતર મળશે અથવા તેના કામની નોંધ લેવાશે. કોઆ સંબંધી તમને આજે સરપ્રાઈઝ આપી શકે છે, પણ એ તમારી યોજનાઓને બગાડી શકે છે.

### : કુંભ :

તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દૃઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે. તમારી આંતરિક ક્ષમતા કામના સ્થળે તમારો દિવસ અદભુત બનાવવામાં તમારી મદદ કરશે. તમારે તમારી ખામીઓ પર કામ કરવા ની જરૂર છે, આ માટે તમારે તમારા માટે સમય કાઢવો જોઈએ. તમારા જીવનસાથીએ તમને નીચા દેખાડ્યા એવું તમને લાગશે અને આ બાબત તમને તમારા લગ્ન તોડવાની ફરજ પાડી શકે છે.

### : મીન :

તમારૂં અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે. વિવાદો અથવા ઑફિસમાંનું રાજકારણ, તમે આજે દરેક બાબત પર તમારૂં વર્ચસ્વ ધરાવશો. પ્રવાસ,મનોરંજન તથા લોક સાથે હળવું-મળવું આજે તમારા એજેન્ડા પર રહેશે. હાલના દિવસોમાં જીવન તમારી માટે મુશ્કેલ રહ્યું છે, પમ અઆજે તમે તમે તમારી જાતને તમારા જીવનસાથીના સ્વર્ગમાં જોશો.

**દાહોદ આવૃત્તિ**

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# ઝાલોદના મુણધા ગામે નાણાંની લેતીદેતીમાં બે વ્યકિતના મોતના કેસમાં મૃતક સહિત ૧૪ વ્યકિત સામે ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુણધા ગામે થોડા દિવસ પહેલા નાણાંની લેવડ દેવડ મામલે ૨૫ જેટલા ઈસમોનો ટોળાએ એક પરિવાર જીવલેણ, હિંસક હુમલો કરી પરિવારના બે વ્યક્તિને માર મારી મોતને ઘાટ ઉતારી દીધાંના બનાવ બાદ સામા પક્ષેથી હુમલામાં મરણ જનાર સહિત ૧૪ જેટલા વ્યકિતઓ વિરૂધ્ધ નિકાલના નાણાં મામલે બે વ્યકિતઓને માર મારવામાં આવ્યો હોવાની સામા પક્ષેથી કેફીયત ભરી ફરિયાદ નોંધાંવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ત્રણેક દિવસ પહેલાં ઝાલોદ તાલુકાના મુણધા ગામે ગત તા.૦૫મી નવેમ્બરના રોજ ગામમાં રહેતાં બે ભાઈઓ વિજયભાઈ તથા અરવિંદભાઈ તથા તેમની સાથે બીજા અન્ય માણસો દ્વારા નાણાંની લેવડ દેવડ મામલે પોતાના ગામમાં રહેતાં એક પરિવાર પર મારક હથિયારો વડે જીવલેણ હુમલો કરી પરિવારના બે સભ્યો કાળુભાઈ મનુભાઈ ભાભોર અને ગોરધનભાઈને મારક હથિયારો વડે માર મારી મોતને ઘાટ ઉતારી દીધાં હતા. જ્યારે પરિવારના અન્ય ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ ઘટના બાદ સામા પક્ષેથી હુમલામાં માર્યા ગયેલા ગોરધનભાઈ અને કાળુભાઈ વિરૂધ્ધ ફરિયાદ નોંધાંવવા પામી છે જેમાં સામાપક્ષેથી સોમાભાઈ પ્રેમલાભાઈ ભાભોર (રહે. મુણધા, મુણધી ફળિયું, તા. ઝાલોદ, જિ.દાહોદ) નોંધાંવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, ગોરધનભાઈ મનુભાઈ ભાભોર, કાળુભાઈ મનુભાઈ ભાભોર, મેહુલભાઈ કાળુભાઈ ભાભોર, મહેશભાઈ ધીરાભાઈ ભાભોર અને તેમની સાથે અન્ય દશેક જેટલા ઈસમોએ ભેગા મળી છોકરી ભાગી ગઈ હતી જે મામલાના નિકાલના પૈસા ન આપી સોમાભાઈના ઘરે આવી બેફામ ગાળો બોલી, સોમાભાઈ તથા તેમના પરિવારજનોને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદ લીમડી પોલીસ મથકે નોંધાંવતાં પોલીસે બંન્ને પક્ષોની સામસામે ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ નગરપાલિકા દ્વારા માળીની વાડી થી મુવાડા જતો પુલ ન બનતાં જાહેર જનતાને પડતી હાલાકી

ઝાલોદ,

ઝાલોદ નગરમાં બસ સ્ટેશન વિસ્તારમાં માળીની વાડી થી મુવાડા જતાં રસ્તામાં નાળુ આવે છે. ત્યા નગરપાલિકા દ્વારા ટેન્ડર દ્વારા કોન્ટ્રાક્ટર ને કામ આપવામાં આવેલ છે, પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા કેટલાય સમયથી આ કામગીરી ચાલુ કરવામાં આવેલ નથી. તેથી કેટલાય મુસાફરોને ત્યાથી આવવા જવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ નગર પાલિકા દ્વારા બસ સ્ટેશન વિસ્તારમાં ડિવાઈડર બનાવી નવાં રોડનું કામકાજ ચાલુ છે. તેથી ત્યાં પણ



ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાઈ રહી છે. જો જવાબદાર કોન્ટ્રાક્ટર મુવાડા થી માળીની વાડી વાળો પુલ બનાવી દીધેલ હોત તો બસ સ્ટેશન વિસ્તારમાં હાલ ડિવાઈડરને લઈ કામગીરી ચાલી રહી છે. ત્યાં ટ્રાફિક જામનાં દ્રશ્યો ન સર્જાતા આમ હાલતો જાહેર જનતામાં મુવાડા થી માળીની વાડી જતા રસ્તામાં પુલ ન બનતાં ભારે રોષ ભભકેલો જોવા મળી રહ્યો છે.

અમે જવાબદાર કોન્ટ્રાક્ટરને કેટલીય વાર મૌખિક રીતે કામગીરી પૂરૂં કરવા સૂચના આપેલ છે. તેમજ લેખિતમાં નોટિસ પણ ફટકારવામાં આવેલ છે, છતાય કામગીરી કરવામાં આવી રહેલ નથી.

નગર પાલિકા સ્ટાફ મુવાડા થી માળીની વાડી થી જતાં પુલનું કામ અંગત કારણોને લઈ નથી થઈ શક્યું પરંતુ હવે બહુ જલ્દી કામગીરી પુરી કરી દેવામાં આવશે.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માત બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બનેલા બે બનાવોમાં બે વ્યકિતઓના મોત નીપજ્યાંનું જ્યારે એકને શરીરે ઈજાઓ થતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવમાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના હિમાલા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૫ નવેમ્બરના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે હિમાલા ગામેથી રસ્તેથી ચાલતા પસાર થતાં મહેન્દ્રસિંહ જશુભાઈ પેલ્યા (રહે. હિમાલા, તળાવ ફળિયું, તા. જિ.દાહોદ) ને અડફેટમાં લેતાં મહેન્દ્રસિંહ મોટરસાઈકની અડફેટે જમીન પર ફંગોળાતાં તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે હિમાલા ગામે તળાવ ફળિયામાં રહેતાં બાબુભાઈ પુજાભાઈ બામણે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના બીયામણી ગામે બનવા પામ્યો હતો. જેમાં એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર પુરઝડર અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ જીતુભાઈ ફજાભાઈ નિનામા અને જીગરભાઈ મનુભાઈ નિનામા (બંન્ને રહે. કાળીમહુડી, જગા ફળિયા, તા.ઝાલોદ, જિ.દાહોદ) નાને અડફેટમાં લેતાં બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે જીતુભાઈનું મોત નીપજ્યું હતું જ્યારે ઈજાગ્રસ્ત જીગરભાઈને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે કાળીમહુડી ગામે જગા ફળિયામાં રહેતાં વાલસીંગભાઈ ધીરાભાઈ નિનામાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ નગરમાં વસૈયા પરિવાર દ્વારા દેવ દિવાળીની પૂર્વ સંધ્યાએ સિરા પૂજન કરવામાં આવ્યું



ઝાલોદ,

આદિવાસીઓમાં કારતક સુદ પૂનમ એટલે દેવદિવાળીનું મહત્વ ખૂબ હોય છે. પૂર્વજોને યાદ અપાવતી આત્માને ખત્રી આવ્યા એવું કહેવાય છે. વર્ષો થી ચાલતા પરંપરાગત રીત રિવાજ મુજબ પૂર્વજોને યાદ કરી સીરા પૂજન કરવામાં આવે છે. નગરના વસૈયા પરિવાર દ્વારા દેવ દિવાળીની પૂર્વ સંધ્યાએ ખાંટવાડા વિસ્તારમાં પોતાના પૂર્વજો ને યાદ કરી સીરા પૂજન કરવામાં આવ્યું હતું. આદિવાસી વિસ્તારમાં ચૌદસ અને દેવ દિવાળીનું મહત્વ વધુ હોય છે.

# દાહોદના મોટી સારસી ગામે ફોર વ્હીલ માંથી ૩૪ હજારના ઈંગ્લીશ દારૂ ઝડપાયો

દાહોદ,

દાહોદ તાલુકાના મોટીસારસી ગામેથી પોલીસે એક ઈકો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૩૪,૨૭૨ સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૨,૪૯,૨૭૨ના મુદ્દામાલ સાથે પોલીસે ગાડીમાં સવાર ચાલક સહિત ૩ ઈસમોની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૦૫મી નવેમ્બરના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે મોટીસારસી ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં તે સમયે બાતમીમાં દર્શાવેલ એક ઈકો ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાંની સાથે પોલીસે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીમાં સવાર અરવિંદભાઈ અમરસીંઘભાઈ ખનોડ (ગારી) (રહે. બોરીયા, બોરીયાળી, ફળિયું, તા. ગરબાડા, જિ.દાહોદ), રાકેશભાઈ મોહનભાઈ દેવડા (ગારી) (રહે. ભેગારી, ફળિયું, તા. ગરબાડા, જિ.દાહોદ) અને વિપુલભાઈ જંગલસીંગ ભુરીયા (રહે. ભેગારી ફળિયું, તા. ગરબાડા, જિ.દાહોદ) નાઓની પોલીસે અટકાયત કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ. ૩૩૬ કિંમત રૂા. ૩૪,૨૪૨ તથા ગાડીની કિંમત મળી કુલ રૂા. ૨,૪૯,૨૭૨ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ત્રણેય જણા વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા શહેરમાં આપ પાર્ટીના દ્વારા ભવ્ય રોડ શો કરવામાં આવ્યો

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં તા.૭/૧૧/૨૦૨૨ના સોમવારના રોજ બપોરે બે કલાકે દે.બારીયા ૧૩૨ સીટના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભરતભાઈ વાળખાના સમર્થનમાં એક ભવ્ય શો નું આયોજન થયું હતું. જેમાં મુખ્ય અતિથી તરીકે પંજાબના મુખ્યમંત્રી ભગવંતમાન આ રોડ શોના મુખ્ય આકર્ષક હતા અને તેઓ ફાકડા પ્રવકતા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આપ પાર્ટી ગુજરાતના રાજકારણમાં ત્રીજી પાર્ટી છે. તેનો કદ ગુજરાતમાં વધતો જોવા મળી રહ્યો છે. કારણ એક માસ અગાઉ દાહોદ મુકામે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ભાગવંતમાનનો ભવ્ય સભા યોજાઈ હતી. જેમાં ૫૦ થી ૬૦ હજાર દાહોદ મુકામે ઉમટી પડી હતી. જેમાં દે.બારીયા તાલુકાના ગ્રામ્યના લગભગ આઠ સો થી ઉપર ફો વ્હીલર વાડીનો કાફલો જોવા મળ્યો હતો. જ્યારે આજના રોડ શો માં ભરત વાખબાના તરફી ચાર થી પાંચ હજાર રોડ શોમાં ઉમટી હતી. રોડ શોની શરૂઆત ધાનપુર એકબત્તી થી બસ સ્ટેન્ડ થઈ સમડી સર્કલ થઈને કન્યાશાળા રોડ થઈ ટાવર પાસે જાહેર સભામાં ફેરવાઈ ગઈ હતી. તેમાં ભગવતમાને જણાવ્યું હતું કે હુકમત વોહ કરતે હૈ જો લોગો કે દીલો પર રાજ કરતે હૈ, યુ તો મુરગે કે સર પે તાજ હોતા હૈ મગર વો કીસી કામકા નહી હોતા આ સરકારેમા તમામ પરીક્ષાઓના પેપર ફુટે છે. પેપર ફુટતા હૈ તો સપના તુટતા હૈં. પેપર ફુટતા નથી. ભ્રષ્ટ નેતાઓ ફોડે છે. આકરા પ્રહારો કરતા ભગવંતમાન એ જનતાને જણાવ્યું હતું કે, જલ જંગલ પર આપ કા જનતા કા અધીકાર હોના ચાહિયે તુમકો યે હકક દીલાએ ગે આપકી કિસ્મત કા બટના દબાના`ટલે આપના ચુંટણી ચિન્હ ઝાડુના બટન દબાણા આપ કા મત આખી આપ પાર્ટીના ઉમેદવારને વિજય બનાવો તેવો આહવાન કર્યો હતો. જાહેર સભાને સંબોધીને તરત જ ભગવતમાન છોટાઉદેપુર જવા માટે રવાના થઈ ગયા હતા. આજના રોડ શોમાં જડબે સલાક પોલીસનો બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. તમામ ચાર રસ્તા પોલીસની હાજરી જોવા મળી હતી. તેમજ ભગવતમાન પોતાના રાજ્ય પંજાબ માંથી પોતાની એકયુવેરી તેમની આસપાસ હતી. રોડ શોનાં અગાઉ રસ્તા ઉપરના રૂટનો જાયજો લીધો હતો. જીલ્લા અને સ્થાનિક પ્રસાશનને ખડે પગે રહેવાનો વારો હતો. એજ આપણા ભારતીય લોકતંત્રની ખાસીયત જોવા મળી હતી. પરંતુ હાલની ચુંટણીમાં કાંટાની ટકકર જોવા મળશે તો નવાઈ નહી અને તેમાં શંકાને સ્થાન નથી ને નથી જ.

# દાહોદના સુજાઈ બાગ ખાતે રહેતા યુવક દારૂ પી પ્રેમીકાના ઘરે જઈ બાળકને મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરના સુજાઈ બાગ ખાતે રહેતો કાઈદ શબ્બીર પાનવાલાએ દારૂ પીધેલી હાલતમાં તેની પ્રેમિકાના ઘરે પહોંચી તેની પ્રેમિકાને અને પ્રેમિકાના બાળકને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસે ફરિયાદ નોંધી છે.

તારીખ ૫મી નવેમ્બરના રોજ રાત્રિના બાર વાગ્યાના સમયગાળા દરમિયાન દાહોદ શહેરના સુજાઈ બાગ ખાતે રહેતો કાઈદ શબ્બીર પાનવાલા દારૂના નશામાં તેની પ્રેમિકાના ઘરે રાત્રિના બાર વાગ્યાના સમયગાળા દરમિયાન પહોંચ્યો હતો અને તે મહિલાએ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ આપતા જણાવ્યું હતું કે, કાઈદ શબ્બીર પાનવાલા સાથે મારો પ્રેમ સંબંધ છે અને અમે લીવ ઈન રિલેશનશિપમાં છે અને કાઈદ શબ્બીર પાનવાલા દારૂ પીધેલી હાલતમાં ઘરમાં આવી ઘૂસી ગયો હતો અને મારી જોડે ઝઘડો તકરાર કરવા લાગ્યો હતો અને મને મા બેન સમાની ગાળો બોલવા લાગ્યો હતો. ત્યારબાદ તે મહિલાનો છોકરો રૂમમાંથી બહાર આવી આ ઝઘડા તકરાર વચ્ચે છોડાવા પડતા કાઈદ શબ્બીર પાનવાલાએ તેની પ્રેમિકા તેમજ પ્રેમિકાના છોકરાને પણ ગદડાપાટુનો માર માર્યો હતો અને આંગળીના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી તથા તેની પ્રેમિકા અને છોકરાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા મહિલાએ આજરોજ દાહોદ એ ડિવિઝન ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી અને કાઈદ શબ્બીર ચુનાવાલાની ધરપકડ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી ઝુલતા પુલ દુર્ઘટનામાં ગરબાડાના ટૂંકીવજુના ત્રણ યુવાનોને ફસાવવાના મામલે કલેકટરને આવેદન

દાહોદ,

મોરબીમાં બેનલી ઘટનામાં આદિવાસી સમાજના ગરબાડા તાલુકાના ટૂંકીવજુ ગામના ત્રણ જેટલા યુવકોને ખોટા આરોપો નાખી ફસાવાવવામાં આવ્યા હોવાના આક્ષેપો સાથે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું.

મોરબીમાં ઝુલતા પુલની દુઃખદ દુર્ઘટનામાં ૧૪૦ કરતા પણ વધારે લોકોએ જીવ ગુમાંવ્યા છે એ તમામને દાહોદના આદિવાસી સમાજે મૃતકોના પરિવાર સાત્વના આપી દીલાસો આપી દાહોદ જિલ્લા કલેકટરને આવેદન પત્ર સુપરત કરવામાં આવ્યો. જેમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ટૂંકીવજુ ગામના ત્રણ જેટલા આદિવાસી યુવાઓ કોન્ટ્રેકટરની આગેવાનીમા મોરબીના ઝુલતા પુલ પર મંજૂરી કામ કરતા હતા.એ ત્રણે આદિવાસી યુવાનોની મોરબી પોલીસે અટકાયત કરી છે. જેમાં પુલ ટુટવાને લઈ ગરબાડા તાલુકાના ટૂંકીવજુ ગામના ત્રણ યુવાનોની મોરબી પોલીસે અટકાયત કરી એમને જેલ ભેગા કરવામાં આવ્યા છે. જેમાં આદિવાસી સમાજ આં કાર્યને વખોડીને સખ્ત વિરોધ કરે છે અને આદિવાસી સમાજ પર અન્યાય કરવામાં આવે છે. આં અન્યાય અને અત્યાચાર દૂર કરી ન્યાયની માંગ કરી છે. આં દુઃખદ ઘટનાના મુખ્ય આરોપીઓ ફરે છે. આ દુઃખદ ઘટનાના જવાબદાર આરોપીઓની ધરપકડ કરવામાં આવે એવી માંગ સાથે દાહોદ આદિવાસી સમાજના અગ્રણીઓ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

# નર્મદામાં છેતરપિંડી કરી ભાગી ગયેલો શખ્સ બેંગલુરૂથી ઝડપાયો


નર્મદા,

રાજપીપળા પો.સ્ટે.વિસ્તારમાંથી છેતરપીંડી કરી ભાગી ગયેલા શખ્સને બેંગલુરૂ માંથી ઝડપી પાડવા માટે પ્રશાંત સૂંબે, પોલીસ અધિક્ષક, નર્મદાનાઓએ આદેશ કર્યો હતો. ત્યારે જીલ્લામાં બનતા ગુનાઓમાં પકડવાના બાકી આરોપીઓને ઝડપી પાડી જેલ હવાલે કરવાની સુચના તથા માર્ગદર્શન આપતા જે.બી. ખાંભલા, પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી.નાઓ રાજપીપળાનાં ગુનાનો વિનેશ નાયર રહે. સુર્ય પ્લાઝા કોમ્પલેક્ષ, સંતોષ ચાર રસ્તા, રાજપીપળા બી.એસ.એન.એલ. દ્વારા ઈન્ટરનેટ કનેકશન આપવા માટે ઓથોરાઈઝ કર્યુ હતું. પરંતુ આ ઈસમે ઈન્ટરનેટ આપવાના બહાના હેઠળ લોકો પાસેથી એડવાન્સ રૂપિયા લઈને ઈન્ટરનેટ આપતો ન હતો અને છેતરપીંડી કરતો હતો. આ દરમિયાન શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન માંગરોલ તથા બોરીયા આદિવાસી શાળા ચલાવનાર સંચાલક પાસેથી તેણે ઈન્ટરનેટ આપવાના બહાને કુલ રૂ. ૪૮ હજાર ૧૫૬ રૂ. લીધા હતા. ત્યાર બાદ રૂપિયા લઈ ભાગી જઈ છેતરપીંડી કરી હતી. જે માટે આ સંચાલકે ફરીયાદ દાખલ કરતાં આ ઈસમની ટેકનીકલ તેમજ અંગત બાતમીદારથી માહીતી મેળવી હતી. કર્ણાટક રાજ્યના બેંગલુરૂ ખાતે હોવાની ચોકકસ બાતમી આધારે જે.બી. ખાંભલા, પો.ઈન્સ. એલ.સી.બી.નાઓએ રાજપીપળા પો.સ્ટે.ના પો.સ.ઈ. જે.એ. લટા તથા એલ.સી.બી. શાખાના એ.એસ.આઈ. ભંગાભાઈ ગોવિંદભાઈ તથા લો.ર. અનિલ હરજીભાઈને કર્ણાટક રાજ્યના બેંગલુરૂ ખાતે મોકલી વિનેશ નાયરને કર્ણાટક રાજ્યના બેંગલુરૂ ખાતે ઝડપી પાડી ગુનાના કામે રાજપીપળા પો.સ્ટે.માં સોંપવામાં આવ્યો છે.

# હિંમતનગરના ખાડિયા વિસ્તારમાં વીજ ડીપીમાં આગ લાગી, ફાયર વિભાગે બુઝાવી આગ

સાબરકાંઠા,

હિંમતનગર શહેરના ખાડિયા વિસ્તારમાં રાત્રે અચાનક શોટ સર્કિટના કારણે આગળ લાગી હતી. તો ડીપીનું બોક્ષ બળી ગયું હતું, તો ફાયર વિભાગને જાણ થતા ફાયર ફાઈટરની ટીમ ઘટના સ્થળે આવી આગ બુઝાવી હતી. તો રાત્રી દરમિયાન અંધારપટ રહ્યો હતો. કામગીરી શરૂ કરીને વીજ પ્રવાહ પૂર્વવત કરાયો હતો. આ અંગેની વિગત એવી છે કે ખાડિયા વિસ્તારમાં સાંજે વીજ ડીપી પર કપિરાજ કુદતા ધડાકા સાથે આગ લાગી હતી. જોત જોતામાં આગ આજુબાજુ પ્રસરી ગઈ હતી. સ્થાનિક રહીશો અને પાલિકાના વોર્ડના સદસ્ય દીકુલ ગાંધી અને જાનકી રાવલ ઘટના સ્થળે આવી પહોચ્યા હતા. ત્યારબાદ આગની ઘટના અંગે ફાયર વિભાગને જાણ કરી હતી. આગ લાગ્યાની જાણ થયા બાદ તાબડતોડ ફાયર વિભાગ ઘટના સ્થળે આવી પહોચ્યું હતું અને આગ બુઝાવી હતી. તો બીજી તરફ યુજીવીસીએલ વિભાગના અધિકારીઓને જાણ



કરાતા ઘટના સ્થળે કર્મચારીઓ તાત્કાલિક આવી પહોંચ્યા હતા. વીજ ડીપીમાં ધડાકા બાદ આગ લાગતા બોક્ષ બળી ગયું હતું. તો અન્ડર ગ્રાઉન્ડ કેબલ પણ ડેમેજ થયો હતો. જેને લઈને રાત્રીના સમયે કામગીરી કરી શકાય તેમ ન હતી. તો બીજી તરફ ખાડિયા વિસ્તારમાં રાત્રી દરમિયાન અંધારપટ છવાયો હતો. યુજીવીસીએલ વિભાગ દ્વારા સવારે કર્મચારીઓએ કામગીરી શરૂ કરી હતી. લગભગ બે કલાકની કામગીરી બાદ વીજ પ્રવાહ પૂર્વવત કરી દીધો હતો. તો ડીપી નીચેનું બોક્ષ સળગી જતા બદલી દેવામાં આવ્યું હતું. તો અન્ડર ગ્રાઉન્ડ ડેમેજ થયેલા વાયર પણ રીપેરીંગ કામગીરી હાથ ધરાયું હતું.

# દાહોદના કસ્બા ફળીયા જાહેરમાં જુગાર રમતા ચાર જુગારીયા ઝડપાયા

દાહોદ,

દાહોદ શહેરના કસ્બા બારીયા ફળિયામાં જાહેરમાં જુગાર રમતા ચાર આરોપીઓને પોલીસે ઝડપી તેમની પાસેથી અંગઝડતી દરમિયાન ૨૫૨૦ રૂપિયા સાથે ચાર જુગારીયાઓને ઝડપી એ ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

દાહોદ એ ડિવિઝન ટાઉન પોલીસ મથકના પોલીસ જવાનો દાહોદ શહેરમાં પ્રોહી જુગારના કેસો શોધી કાઢવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે દાહોદ કસ્બા બારીયા ફળિયામાં કેટલા ઈસમો ખુલ્લી જગ્યામાં પાના પત્તા રૂપિયા વડે હાર જીતનો જુગાર રમે છે. તેવી બાતમી આધારે દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસે ઓચિંતી રેડ કરતા અને તે વિસ્તારને કોર્ડન કરી જુગાર રમી રહેલા લોકોને ત્યાં જ બેસી રહેવા માટે જણાવ્યું હતું અને પોલીસના હાથે ચાર જેટલા ઈસમો જાહેરમાં જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. જેમાંથી મનીષ પ્રવીણ કડિયા, ફિરોજ યુસુફ સાજી, મહેન્દ્ર અરવિંદ પસાયા, સુનિલ ચુનિયા વહોનીયા આ ચાર લોકો ભેગા મળી જાહેરમાં જુગાર રમી રહ્યા હતા. ત્યારે પોલીસના હાથે ઝડપાયા હતા તેમજ પોલીસને તેમની પાસેથી અંગઝડતી અને દાવ પર લાગેલા કુલ ૨૫૨૦ રૂપિયાની રોકડ રકમ સાથે ચાર જુગારીયાઓને પોલીસે ઝડપી તેમની સામે જુગારધારા મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# દાહોદના ગલાલીયાવાડ ગામેથી ૭ હજારના ઈંગ્લીશ દારૂ ઝડપાયો

દાહોદ,

દાહોદના ગલાલીયાવાડ તળાઈ ફળિયામાંથી ૭,૫૦૦ રૂપિયાના વિદેશી દારૂ સાથે એક ઈસમને રૂલર પોલીસે ઝડપી ગુનો દાખલ કર્યો હતો. દાહોદ રૂલર પોલીસ તારીખ ૫-૧૧-૨૦૨૨ ના રોજ બપોરના ૦૩:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન દાહોદના ગલાલિયાવાડ વિસ્તાર ખાતે પેટ્રોલિંગ કરી રહેતી તેવા સમયે તેમને બાતમી મળી હતી. ગલાલીયાવાડ સારસા તળાઈ ફળિયામાં રહેતો નિરમા ભાવસિંગ બિલવાલ તેના ઘરે ભારતીય બનાવટનો વિદેશી દારૂનું છૂટક વેચાણ કરે છે. તેવી બાતમી આધારે પોલીસે ગલાલિયાવાડ સારસા તળાઈ ફળિયામાં તેના રહેણાંક મકાનમાં રેડ કરતા દાહોદ પોલીસને તે ઘરમાં સંતાડી રાખેલું ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ ૩૧ જેટલી થેલામાં ભરેલી મળી આવી હતી. જેની કિંમત ૭,૫૦૦ રૂપિયાના વિદેશી દારૂ સાથે છૂટક દારૂનું વેચાણ કરતાં નીરમા સુનિલ બિલવાલની અટકાયત કરી તેની સામે પ્રોહી એક્ટ મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.65

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલની કાલોલ બેઠક માટે સૌથી વધુ પર ઉમેદવારો મેદાનમાં : ત્યારે ભાજપ ચર્ચામાં ન હોય તેવા ઉમેદવારને મેદાનમાં ઉતારશે તેવી ચર્ચાઓ

ગોધરા,

પંચમહાલ જીલ્લાની કાલોલ વિધાનસભા બેઠક માટે હાલના ધારાસભ્યને ટીકીટ મળવાની નથી ત્યારે કાલોલ બેઠક માટે સેન્સ લેવામાં આવ્યા જેમાં 52 ટીકીટ વાચ્છુક દાવેદારો મેદાનમાં છે. ક્યાંક કાલોલ બેઠક માટે 52 દાવેદારોને પડતા મુકીને નવા જ ઉમેદવાર ના નામની જાહેરાત થાય તે નકારી શકાય નહી. ત્યારે કાલોલ વિધાનસભા બેઠકમાં આવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

પંચમહાલ જીલ્લા પાંચ વિધાનસભા બેઠકો માટે બીજેપીની ટીકીટ માટે ખુબ મોટા પ્રમાણમાં દાવેદારો મેદાનમાં છે. સાથે ભાજપ દ્વારા પંચમહાલની ગોધરા, હાલોલ, મોરવા(હ) અને કાલોલ બેઠક માટે નો રીપીટ થીયેરી અપનાવશે તેવી શક્યતાઓ હાલ લાગી રહી છે. ત્યારે કાલોલ વિધાનસભા બેઠક માટે સૌથી વધુ 52 દાવેદારોએ મેદાનમાં આવ્યા છે અને 52 પૈકી કેટલાક દાવેદારો પોતાની ટીકીટ બીજેપી માંથી પાકી હોવાનો ફાકો રાખી રહ્યા છે. તેની વચ્ચે નવી ચર્ચાઓ સામે આવી રહી છે કે કાલોલ વિધાનસભા બેઠક માટે 52 દાવેદારો પૈકી કોઈને પણ ઉમેદવાર નહી બનાવીને અત્યાર સુધી ચર્ચામાં ન હોય તેવા નવા જ ઉમેદવારને ભાજપ દ્વારા મેદાનમાં ઉતારવામાં આવશે તેવા વર્તાર જણાઈ રહ્યા છે. કારણ કે કાલોલ બેઠક માટે નો રીપીટ થીયેરી અપનાવવામાં આવે તો તેની અસરો જોતાં નવા જ અને કાબેલીયત ધરાવતા ઉમેદવારને ભાજપ મેદાનમાં ઉતારશે ??

## હાલોલના મોટા અંકોડીયા ગામેથી બોલેરો ગાડી માંથી ૩.૨૧ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

હાલોલ,

હાલોલ તાલુકાના મોટા અંકોડીયા ગામે બસ સ્ટેશન રોડ નંબર વગરની બોલેરો ગાડીમાં લઈ જવાતો ૩,૨૧,૬૦૦/- રૂપીયાના ઈંગ્લીશ દારૂ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના મોટા અંકોડીયા ગામે બસ સ્ટેશન રોડ હાલોલ રૂલર પોલીસના પેટ્રોલીંગ દરમિયાન શંકાસ્પદ રીતે પસાર થતાં નંબર વગરની બોલેરો ગાડીને ઉભી રાખી હતી અને ચેકીંગ દરમિયાન પ્લાસ્ટીક કવાટરીયા પેટી નંગ-૬૭ કિંમત ૩,૨૧,૬૦૦/-રૂપીયા સાથે ધર્મેશ ભરતભાઈ બારીયા રહે. તાડ કુંડલા તા. ઘોઘંબા, અતુલ વિઠ્ઠલભાઈ બારીયા રહે. તાડ કુંડલા તા. ઘોઘંબાને ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે બોલેરો ગાડી, ત્રણ મોબાઈલ ફોન મળી ૫,૩૨,૧૦૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. જ્યારે વિપુલ ઉર્ફે વિપુલભાઈ નાગજીભાઈ રાઠવા રહે. ભાટ, તા. હાલોલ, અમિત રાઠવા રહે. ઝબાણ તા. જાંબુઘોડા નાશી જતાં વોન્ટેડ જાહેર કરી આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા લીમડી ચોક માંથી ૨૫૫ કિલો ગૌમાંસ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા

શહેરા,

શહેરા લીમડી ચોકમાં નળીયાવાળા રહેણાક મકાનમાં ગેરકાયદેસર ગૌવંશ કત્તલ કરી કરાવતા હોય તે સ્થળે શહેરા પોલીસે રેઈડ કરી ૨૫૫ કિલો ગૌમાંસ રોકડ ૧૬,૨૦૦/- રૂપીયા, મોબાઈલ ફોન મળી ૬૯,૨૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા લીમડી ચોકમાં નળીયાવાળા રહેણાંક મકાનમાં ગેરકાયદેસર ગૌવંશનું કત્તલ કરી કરાવતા હોય તેવી બાતમીના આધારે શહેરા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૨૨૫ કિલો ગૌમાંસ રોકડ ૧૬,૨૦૦/-રૂપીયા, મોબાઈલ ફોન, વજન કાંટા, વાઢકાપના સાધનો મળી કુલ ૬૯,૨૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે મોબીનખા અમનુલ્લાખા પઠાણ, શફીકખાં સમંદરખા પઠાણને ઝડપી પાડવામાં આવ્યા. જ્યારે ચાર ઈસમોને વોન્ટેડ જાહેર કરી આ બાબતે શહેરા પોલીસ મથકે પશુ સંરક્ષણ અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા સેન્ટ આર્નોલ્ડ સ્કુલ પાસે અજાણ્યા ૩૨ વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

ગોધરા,

ગોધરા સેન્ટ આર્નોલ્ડ સ્કુલ પાસે અજાણ્યા ૩૨ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા અમદાવાદ હાઈવે રોડ સેન્ટ આર્નોલ્ડ સ્કુલ પાસે અજાણ્યા ૩૨ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબા નગરમાં આર્મી જવાનો તથા પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના અનુલક્ષી ઘોઘંબા નગરમાં આર્મી જવાનો તથા રાજગઢ પોલીસના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી. રાજગઢ પોલીસ મથક થી ઘોઘંબા ફાટક સુધી શીસ્ટ બંધ રીતે ફ્લેગ માર્ચ યોજાઈ હતી. ડિસેમ્બરમાં યોજનારી વિધાનસભાની ચૂંટણીઓ શાંતિ અને સલામતી સાથે યોજાય તે માટે આર્મી અને પોલીસ પ્રશાસન દ્વારા યોજાયેલા ફ્લેગ માર્ચ નગરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## ગાંધીનગરમાં ચિલોડા નરોડા હાઈવે પર આઈસર ગાડીના ચાલકને લૂંટી છ લૂંટારૂ થયા ફરાર

ગાંધીનગર,

ગાંધીનગરના ચીલોડા નરોડા હાઈવે રોડ ઉપર રાત્રે આઈસર ગાડીના ચાલકને ગડદાપાટુનો ઢોર માર મારી એક્ટિવા અને બાઈક પર આવેલા છ લૂંટારૂઓ મોબાઈલ ફોન, જરૂરી કાગળો અને રોકડ રકમ મળીને ૧૮ હજાર ૨૦૦ની મત્તા લૂંટીને ફરાર થઈ જતાં ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરનાં રણાસણ સર્કલ પાસે લૂંટના ઈરાદે સગીર વયના પિતરાઈ ભાઈઓને આંતરી લૂંટારૂઓ જીવલેણ હુમલો કરી નાસી ગયાની ઘટનાની શાહી સુકાઈ નથી. ત્યારે રાત્રે ધાડપાડુ ટોળકીએ આઈસર ગાડીના ચાલકને બાનમાં લઈ ગડદાપાટુનો માર મારી રોકડ રકમ, મોબાઈલ અને અન્ય જરૂરી દસ્તાવેજોની લૂંટ કરીને એક્ટિવા અને બાઈક ઉપર ફરાર થઈ ગયાની વધુ એક ફરિયાદ ડભોડા પોલીસના ચોપડે નોંધવામાં આવી છે. સાબરકાઠાં જિલ્લાના ઈડર ખાતે રહેતો અમરતભાઈ રાવળ મીની આઈશર ગાડી વરધીથી ફેરવે છે. પરમ દિવસે રાત્રે રાજુ ગાડીમાં શાકભાજી ભરીને વડોદરા ખાતે ગયો હતો. બપોરે વડોદરાથી પરત ઈડર જવા રવાના થયો હતો. ત્યારે લવારપુર પસાર કરી ચિલોડા તરફ જતાં ગાડી બંધ થઈ ગઈ હતી. જેથી તેણે ચેક કરતાં ગાડીનો ફ્યૂઝ ઉડી ગયો હોવાનું માલુમ પડયું હતું. જેથી ગાડીને રોડની સાઈડમાં ઉભી રાખી તે રીક્ષામાં બેસી ચિલોડા સર્કલ જઈ નવા ફ્યૂઝ લીધા હતા અને પરત ગાડી પાસે જઈને ફ્યૂઝ લગાવી રહ્યો હતો. એ વખતે ઢળતી સાંજે એક એક્ટિવા ઉપર ત્રણ ઈસમો જઈને પુછવા લાગેલ કે આ કયું ગામ છે. આથી રાજુએ ગામનું નામ ખબર નહીં હોવાનું જણાવ્યું હતું. એટલામાં બાઈક ઉપર બીજા ત્રણ ઈસમો ત્યાં પહોંચ્યા હતા. બાદમાં રાજુને ઘેરી લઈ ગડદાપાટુનો માર મારવાનું શરૂ કરી દીધું હતું. ત્યારે બાઈક પર આવેલા ઈસમો પૈકીના એક ઈસમ છરી કાઢવાનું કહેતા બે ઈસમોએ રાજુને શર્ટના કોલર ભાગેથી પકડી લીધો હતો અને તેના પેન્ટનાં ખિસ્સામાંથી પાકીટ અને મોબાઈલ લૂંટી લઈ એક્ટિવા અને બાઈક ઉપર ફરાર થઈ ગયા હતા. આ બનાવના પગલે ડભોડા પોલીસે ધાડપાડુ ગેંગ વિરુદ્ધ રૂ ૧૮ હજાર ૨૦૦ની મત્તાની લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદમાં સ્પીડમાં જતાં વાહનની નંબર પ્લેટ ઝડપી લેતાં ૨૧૪૨ કેમેરા લગાવાશે

અમદાવાદ,

મ્યુનિ.એ ટ્રાફિક પોલીસની સહાય માટે ૨૧૪૨ સીસીટીવી કેમેરાના મેઈન્ટેનન્સ તથા સ્માર્ટ સિટી પ્રોજેક્ટના માટે ટેન્ડર બહાર પાડ્યા છે. કંપનીને ૫ વર્ષ માટે આ પ્રોજેક્ટ હેઠળ કામગીરી સોંપવામાં આવશે. શહેરમાં અત્યારે લગભગ તમામ ચાર રસ્તા પર સીસીટીવી છે. મ્યુનિ.એ ટેન્ડરમાં એવી શરત મૂકી છે કે, તેમને ૨૧૪૨ જેટલા એવા સીસીટીવી કેમેરા જોઈએ છે જે હાઈસ્પીડમાં પણ એચએસઆરપી નંબર પ્લેટને કેચ કરી શકે. તથા તે ઈ-ચલણ જનરેટ કરી શકે. તે ઉપરાંત અન્ય કેમેરા પણ લગાવાશે. મોનિટરિંગ માટે પણ કેટલાક વિશેષ પગલાં લેવાશે. પાલડી અને દાણાપીઠ ખાતેના મોનિટરિંગ સ્ટેશનો પર પણ વિશેષ વ્યવસ્થા કરવાની રહેશે. આ ઉપરાંત સ્માર્ટ સિટી હેઠળ શહેરમાં વિવિધ વાઈફાઈ સ્પોટ, સ્ટ્રીટ લાઈટનું મેઈન્ટેનન્સ કરવા તેને બંધ-ચાલુ કરવા, સ્વિચને લગતી કામગીરી માટે પણ ટેન્ડર મગાવાયા છે. બાઈક શેરિંગ માટે પણ મ્યુનિ.એ ટેન્ડર મગાવાયા છે. અત્યારે પણ ઈ બાઈક અને સાઈકલ શેરિંગ માટેની વ્યવસ્થા છે. જોકે હજુ વધુ કેટલાક ઈ બાઈક માટે મ્યુનિ. દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ ટેન્ડર મગાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છેકે, આ ઈ-બાઈક મહત્તમ ૩ ગેર સિસ્ટમ સુધીના તથા ૧૦ કિલો લગેજ પણ પરિવહન કરી શકે તેવા હોવા જોઈએ. ઈ-બાઈક શેરિંગથી શહેરના જનરલ ટ્રાન્સપોર્ટ પરનું ભારણ ઘટાડવાનું તંત્રનું આયોજન છે.

## ગોધરા પશ્ચિમ વિસ્તારના મેદા પ્લોટના રહેણાંક મકાનમાં ભુર્ગભ ગટર લાઈનના પાણી ભરાયેલ વિડીયો વાયરલ કરી પાલિકાની નિષ્ફળતા છતી કરી





ગોધરા,

ગોધરા પશ્ચિમ વિસ્તારના મેંદા પ્લોટના ઘર માંથી ભુર્ગભ ગટરનું પાણી ઉભરાતું હોવાની પાલિકામાં અનેક વખત રજુઆત કરવામાં આવી હોય તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા સ્થાનિકોની સમસ્યાનો ઉકેલ લાવવામાં નિષ્ફળ રહેતા મેંદા પ્લોટ વિસ્તારમાં ઘરમાં ઉભરાતી ગટરના પાણીવાળો વિડીયો વાયરલ કરવામાં આવ્યો.

ગોધરા પાલિકા દ્વારા શહેરમાં ભુર્ગભ ગટર લાઈનની કામગીરી કરવામાં આવી છે. ભુર્ગભ ગટર લાઈનની કામગીરી પૂર્ણ થતા સાથે ભુર્ગભ ગટર લાઈન યોગ્ય ન હોવાથી અનેક રજુઆતો ઉઠવા પામી છે. તેમાં પણ પશ્ચિમ વિસ્તારમાં ભુર્ગભ ગટર લાઈનના ચેમ્બરો ઉભરાવવાની સમસ્યા સાથે ઘરોમાં ભુર્ગભ ગટરોના પાણી ઉભરાતા હોવાની અનેક રજુઆતો પાલિકા વિભાગમાં પશ્ચિમ વિસ્તારના રહિશો દ્વારા અવારનવાર કરવામાં આવતી હોય તેમ છતાં ભુર્ગભ ગટર લાઈનની ઉભરાતી ગટરો માટે પાલિકા તંત્ર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેને લઈ હાલમાં પશ્ચિમ વિસ્તારના મેંદા પ્લોટમાં આવેલ રહેણાંક મકાનોમાં ભુર્ગભ ગટર લાઈનના



પાણી ઉભરાઈ ઘરમાં ગંદા પાણી ઠલવાઈ રહ્યા છે. ગંદા પાણી ઘરમાં ઉભરાતા આખરે પાલિકાની નિષ્ક્રીય કામગીરીથી રોષે ભરાયેલ રહિશો દ્વારા મેંદા પ્લોટના મકાનો ગટરના પાણી ઉભરાતા વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ કરી સમસ્યાના નિકાલની માંગ કરી છે.



વેજલપુર ભોઈવાડા થી લઈ સમસ્ત ભાથીજી યુવક મંડળ દ્વારા નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કર્યું હતું. વેજલપુલ ભોઈ સમાજ દ્વારા નવચંડી યજ્ઞમાં વિશિષ્ટ આયોજનો કર્યા હતા.



પંચમહાલ જિલ્લાના ટીમ્બાગામે રહેતા સુથાર ક્રિષ્નાકુમાર સુનિલભાઈ/રબારી નિરવ કુમાર રવાભાઈ તેઓ પ્રાથેમિક શાળામાં અભ્યાસ કરે છે અને શાળાના શિક્ષક રઘુભાઈ ભરવાડના માર્ગદર્શન હેઠળ વર્ષે.૨૦૨૧-૨૦૨૨દરમ્યાન યોજાયેલ રાજય વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન દરમ્યાન સૌર ઉર્જા સંચાલિત ચુંબકીય ઉર્જા સ્ટેશન ઔર પૌરાણિક સ્ટોન બેલ કૃતિ રજૂ કરી હતી. ત્યારે જિલ્લાકક્ષાએ પ્રથમ આવેલ હાલમાં તા.૨૨ થી ૨૭ નવેમ્બરમા શ્રીમંત શંકરદેવ કલાશ્રેત્રે પંજાબારી ગોવાહાટી આસામ જનાર છે. ગ્રામજનો તેમજ શાળા પરિવાર તરફથી બાળકોને નેશનલ કક્ષાએ પણ ભવ્ય સફળતા પ્રાપ્ત કરે તેવી આશા સાથે હર્ષની લાગણી સાથે હાર્દીક અભિનંદન પાઠવ્યા.

## વાઘોડિયાના છેવાડાના ગામમાં યુવાને કિશોરી સાથે દુષ્કર્મ કરી માર માર્યો

વાઘોડિયા,

વાઘોડિયાના છેવાડાના ગામમાં મામાને ત્યાં આવેલી ૧૬ વર્ષની કિશોરીને વડોદરા લઈ જઈ ગિફ્ટ અપાવું કહી ગોરજની કેનાલની ઝાડીઓમાં ગામના યુવાને દુષ્કર્મ કરી નગ્ન અવસ્થામાં જ માર માર્યો હતો. આ અંગે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે. વાઘોડિયા તાલુકાના છેવાડાના ગામે પિતાના મૃત્યુ બાદ માતાના બીજા લગ્ન થતાં મામાના ઘરે રહી અભ્યાસ કરતી ૧૬ વર્ષિય આશા (નામ બદલ્યું છે) ધો. ૧૦ સુધી અભ્યાસ બાદ ઘરકામ કરતી હતી. તેના જ ગામનો અજય અંબુભાઈ વસાવા કિશોરીના ઘરની આસપાસ બેસીને તેની સાથે નિકટતા વધારી પ્રેમના પાઠ ભણાવ્યા હતા. અજય તેને મોબાઈલ આપ્યો હતો, જેનાથી બંને વચ્ચે વાતચીત થતી હતી. થોડા સમય અગાઉ કિશોરીની માતાના પુનઃ વિવાહ અન્ય શહેરમાં થયા હતા, જેથી તે ત્યાં માતા સાથે રહેવા ગઈ હતી. દરમિયાન દિવાળીની રજાઓ હોઈ કિશોરી મામાને ત્યાં રહેવા આવી હતી. આ સમયે અજય કિશોરીને વિશ્વાસમાં લઈને ચાલ તને ગિફ્ટ લઈ આપું, તેવું કહી વડોદરાથી ગોરજ નર્મદા કેનાલની ઝાડીઓમાં બાઈક પર બેસાડી લઈ ગયો હતો. જ્યાં તેણે તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ કરી તેનો વીડિયો પણ મોબાઈલમાં શૂટ કરી લીધો હતો. અજયે કિશોરી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરવાની પણ ઈચ્છા વ્યક્ત કરી હતી. જોકે કિશોરીએ વિરોધ કરતાં ઉશ્કેરાયેલા અજયે તું તારા સ્કૂલના મિત્રો સાથે વોટ્સએપ પર કેમ વાત કરે છે, તેમ કહી લાકડાં વડે માર માર્યો હતો. લાકડું તૂટી જતાં અજયે વેલ લઈ તેના ચહેરા પર તેમજ મોઢા અને ગુપ્ત ભાગે માર માર્યો હતો. વેદનાથી પિડાતી કિશોરી નગ્ન હોઈ ભાગી પણ શકતી ન હતી. દરમિયાન ત્યાંથી પસાર થતાં કોઈ યુવક-યુવતીને જોઈ મદદ માટે બૂમ પાડતાં અજયે કપડાં પરત આપી દીધાં બાદ તું મારી છે, તારી સાથે લગ્ન કરવું છે. આ તારા વીડિયો મોબાઈલમા શૂટ કરી લીધા છે. જો આ વાત કોઈને કહીશ તો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરી તને બદનામ કરી દઈશ તેવી ધમકી આપી હતી. તેમજ તને જાનથી મારી નાખી કેનાલમાં ફેંકી દઈશ તેવું અજયે કહેતાં યુવતી ડરી ગઈ હતી. ત્યારબાદ યુવતીને બાઈક પર બેસાડી ગામ પાસે છોડી દીધી હતી. જોકે યુવતી ઘટના બાદ મામાના પાડોશમાં રોકાઈ હતી. જ્યાં તેની ઈજાઓ જોઈ પૂછતાં સમગ્ર ઘટના સંભળાવી હતી. યુવતીની માતાને તેના મામાએ ફોન કરી સમગ્ર ઘટના કઈ સંભળાવતા વાઘોડિયા પોલીસ મથકમાં દુષ્કર્મ ગુજારનાર આરોપી અજય સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપી અજયની ધરપકડ કરી હતી.

## રાજકોટ-અમદાવાદ હાઈવે પર લકઝરી બસ અચાનક રસ્તા પરથી ઉતરી, ૧૫ મુસાફરોને ઈજા પહોચી

રાજકોટ,

રાજકોટ-અમદાવાદ હાઈવે પર એક બસને અકસ્માત નડ્યો છે. આ અકસ્માત બામણબોર નજીક સર્જાયો હતો. જ્યાં ખાનગી બસ રસ્તા પરથી ઉતરી ગઈ હતી અને રસ્તાની બાજુમાં નાળામાં ખાબકી હતી. અકસ્માતમાં ૧૫ મુસાફરોને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સવારે મુસાફરો ભરેલી બસ બામણબોર નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે તેને અકસ્માત નડ્યો હતો. અચાનક જ બસ રસ્તાની સાઈડમાં ઉતરી ગઈ હતી અને નાળામાં ખાબકી હતી. આ ઘટનામાં ૧૫ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા હતા. આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદ ગીતા મંદિર ખાતેથી રાત્રે જુનાગઢ જવા માટે ઉપડેલી મજદા ટ્રાવેલ્સની સ્લીપર કોચ બસ જીજે ૦૩ડબ્લ્યુ-૯૮૭૨ સવારે બામણબોર નજીક રામપરા બેટીના પુલ પાસે પહોંચી ત્યારે બસ ચાલકે કોઈપણ કારણોસર સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં બસ પૂલ પરથી નીચે ખાબકતાં મુસાફરોમાં દેકારો મચી ગયો હતો. અકસ્માતને પગલે લોકોના ટોળા ભેગા થઈ ગયા હતાં અને એરપોર્ટ પોલીસની ટીમ પહોંચી ગઈ હતી. મોટા ભાગના મુસાફરોને સામાન્ય ઈજાઓ થઈ હોઈ કુવાડવા પ્રાથમિક સારવાર આપી રજા અપાઈ હતી. જ્યારે ત્રણ મુસાફરોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતાં.

દિવાળી તેમજ
નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
હંસાબેન
વિજયકુમાર
પરમાર
મુ.નવાનગર,
તા.ધાનપુર, જી.દાહોદ

નૂતન વર્ષાભિનંદન
મેખર દૂધ ઉ. સ. મંડળી લી.
: ચેરમેન :
પ્રતાપભાઈ ગુલાબભાઈ પટેલ
: સેક્રેટરી :
રણજીતસિંહ રૂમાલસિંહ ડામોર
તથા તમામ કમિટી સભ્યો......
મુ.મેખર, તા.મોરવા(હ), જી.પંચમહાલ